




IPL 2026 | આજની મેચ MI Vs SRH | સમય: સાંજે 7:30 વાગ્યે | સ્થળ: મુંબઇ

| ટીમ | મેચ | જીત | હાર | રદ | પોઇન્ટ | નેટ રન |
|---|---|---|---|---|---|---|
| PBKS | 8 | 6 | 1 | 1 | 13 | 1.043 |
| RCB | 8 | 6 | 2 | 0 | 12 | 1.919 |
| RR | 9 | 6 | 3 | 0 | 12 | 0.617 |
| SRH | 8 | 5 | 3 | 0 | 10 | 0.815 |
| GT | 8 | 4 | 4 | 0 | 8 | -0.475 |
| CSK | 8 | 3 | 5 | 0 | 6 | -0.121 |
| DC | 8 | 3 | 5 | 0 | 6 | -1.060 |
| KKR | 8 | 2 | 5 | 1 | 5 | -0.751 |
| MI | 7 | 2 | 5 | 0 | 4 | 0.736 |
| LSG | 8 | 2 | 6 | 0 | 4 | -1.106 |

# પંજાબે સિઝનમાં પહેલા પરાજયનો સ્વાદ ચાખ્યો

**પ્રભસિમરન** અને સ્ટોઇનિસની અર્ધસદીઓની મદદથી પંજાબ કિંગ્સનો સ્કોર ચાર વિકેટે 222 રન થયો

**ઇમ્પેક્ટ** સબ શુભમ દુબે અને ડેનોવન ફરેરાએ 32 બોલમાં 77 રનની નોટઆઉટ ભાગીદારીથી રાજસ્થાનને જીતાડ્યું



મુલ્લાનપુર, તા. 28 (પીટીઆઇ) : આઇપીએલમાં આજે મંગળવારે અહીં રમાયેલી એક મેચમાં માર્કસ સ્ટોઈનિસ અને ઓપનર પ્રભસિમરન સિંહની અડધી સદીની મદદથી પંજાબ કિંગ્સે ચાર વિકેટે 222 રન બનાવીને મૂકેલા 223 રનના લક્ષ્યાંકને રાજસ્થાન રોયલ્સે વૈભવ સૂર્યવંશીની તોફાની શરૂઆત, યશસ્વી જયસ્વાલની અર્ધસદી પછી અંતિમ ઓવરોમાં ડેનોવન ફરેરાની અર્ધસદી અને ઈમ્પેક્ટ સબ શુભમ દુબે સાથે તેની 32 બોલમાં 77 રનની નોટઆઉટ ભાગીદારીથી ચાર બોલ બાકી રાખીને છ વિકેટે જીત મેળવતા આ સિઝનમાં પંજાબ કિંગ્સે પહેલીવાર હારનો સ્વાદ ચાખ્યો હતો.

રાજસ્થાન રોયલ્સે ટોસ જીતીને ફિલ્ડીંગ પસંદ કરતાં પ્રથમ બેટિંગ કરવા ઉતરેલી પંજાબ કિંગ્સે સારી શરૂઆત કરીને પાવરપ્લેમાં એક વિકેટે 65 રન બનાવ્યા હતા. પ્રભસિમરન (44 બોલ, છ ચોગ્ગા, એક છગ્ગા) એ 59 રન બનાવ્યા. પ્રભસિમરને અડધી સદી ફટકારવા ઉપરાંત, કૂપર કોનોલી (30) સાથે બીજી વિકેટ માટે 59 અને કેપ્ટન શ્રેયસ અય્યર (30) સાથે ત્રીજી વિકેટ માટે 48 રનની ભાગીદારી કરી. અંતિમ ઓવરોમાં સ્ટોઈનિસે વિસ્ફોટક બેટિંગ કરી, 22 બોલમાં છ છગ્ગા અને ચાર ચોગ્ગા સાથે નોટઆઉટ 62 રન બનાવ્યા હતા. તેની તોફાની ઈનિંગ્સથી પંજાબ કિંગ્સને છેલ્લી ત્રણ ઓવરમાં 55 રન ઉમેરવામાં મદદ મળી. રોયલ્સ તરફથી લેગ-સ્પિનર યશ રાજ પુંજાએ 41 રન આપીને બે વિકેટ લીધી. નાન્દ્રે બર્ગર ખૂબ મોંઘો સાબિત થયો, તેમણે 59 રન આપીને એક વિકેટ લીધી હતી.

| પંજાબ કિંગ્સ | રન | બોલ | 4 | 6 |
|---|---|---|---|---|
| પ્રભસિમરન કો.પરાગ બો.યશ | 59 | 44 | 6 | 1 |
| પ્રિયાંશ કો.બર્ગર બો.આર્ચર | 29 | 11 | 5 | 1 |
| કોલોનલી કો.ફરેરા બો.યશ | 30 | 14 | 2 | 3 |
| શ્રેયસ કો.જુરેલ બો.બર્ગર | 30 | 27 | 1 | 1 |
| સ્ટોઇનિસ નોટઆઉટ | 62 | 22 | 4 | 6 |
| સૂર્યાંશ નોટઆઉટ | 3 | 2 | 0 | 0 |
| વધારાના | 9 | | | |
| કુલ (20 ઓવરમાં ચાર વિકેટે) | 222 | | | |

**વિકેટપતન :** 1/37, 2/96, 3/144, 4/181

| બોલિંગ | O | M | R | W |
|---|---|---|---|---|
| જોફ્રા આર્ચર | 4 | 0 | 40 | 1 |
| નાન્દ્રે બર્ગર | 4 | 0 | 59 | 1 |
| બ્રિજેશ શર્મા | 4 | 0 | 42 | 0 |
| યશ રાજ પૂંજા | 4 | 0 | 41 | 2 |
| રવિન્દ્ર જાડેજા | 4 | 0 | 32 | 0 |

| રાજસ્થાન રોયલ્સ | રન | બોલ | 4 | 6 |
|---|---|---|---|---|
| જયસ્વાલ કો.શ્રેયાંશ બો.ચહલ | 51 | 27 | 7 | 1 |
| વૈભવ કો.અય્યર બો.અર્શદીપ | 43 | 16 | 3 | 5 |
| જુરેલ કો.યાન્સન બો.ચહલ | 16 | 20 | 0 | 1 |
| પરાગ કો.શ્રેયાંશ બો.ચહલ | 29 | 16 | 2 | 2 |
| ફરેરા નોટઆઉટ | 52 | 26 | 6 | 3 |
| શુભમ નોટઆઉટ | 31 | 12 | 3 | 2 |
| વધારાના | 6 | | | |
| કુલ (19.2 ઓવરમાં ચાર વિકેટે) | 228 | | | |

**વિકેટપતન :** 1/51, 2/105, 3/123, 4/151

| બોલિંગ | O | M | R | W |
|---|---|---|---|---|
| અર્શદીપ સિંહ | 4 | 0 | 68 | 1 |
| લોકી ફર્ગ્યુસન | 4 | 0 | 57 | 0 |
| માર્કો યાન્સન | 3.2 | 0 | 41 | 0 |
| હરપ્રીત બ્રાર | 4 | 0 | 25 | 0 |
| યુઝવેન્દ્ર ચહલ | 4 | 0 | 36 | 3 |

# વર્લ્ડ ટીમ ટેબલ ટેનિસ : ભારતે ટ્યુનિશિયાને 3-0થી કચડ્યું

**ટ્યુનિશિયા** સામે હરમિત, માનવ અને માનુસ ત્રણેએ પોતપોતાના હરીફ સામે પ્રભુત્વ જમાવીને જીત મેળવી

**યુગાન્ડા** ટાઇ માટે રિપોર્ટ કરવામાં નિષ્ફળ જતાં ભારતીય મહિલા ટીમને વોકઓવર આપવામાં આવ્યું



લંડન, તા. 28 : ભારતીય પુરુષ ટીમે આજે મંગળવારથી અહીં શરૂ થયેલી વર્લ્ડ ટીમ ટેબલ ટેનિસ ચેમ્પિયનશિપમાં માનુષ શાહ, માનવ ઠક્કર અને હરમીત દેસાઈએ ભારત માટે પ્રભાવશાળી જીત નોંધાવીને ટ્યુનિશિયા પર 3-0 થી વિજય મેળવીને પોતાના અભિયાનની મજબૂત શરૂઆત કરી હતી, જ્યારે મહિલા ટીમને મંગળવારે અહીં વોકઓવર મળ્યું હતું.

ભારત વતી પહેલી મેચમાં માનુષે એસ્સિદ વાસિમ પર સંપૂર્ણ પ્રભુત્વ સ્થાપીને તેને 3-1 (5-11, 11-9, 3-11, 5-11)થી હરાવ્યો હતો, જ્યારે માનવે એઇડલી યુસુફ સામેની મેચ પોતાનું વર્ચસ્વ જમાવીને મેચ 3-0 (૩-૧૧, ૩-૧૧, ૩-૧૧)થી જીતી હતી. ત્રીજી મેચ રમવા ઉતરેલા હરમીતે પણ મેચને એકતરફી બનાવીને બૌરસ અબુબકરને 3-0 (૫-૧૧,૪-૧૧,૮-૧૧)થી હરાવતા ભારતે પોતાના ગ્રુપ 7ની પહેલી મેચમાં મોટી જીત મેળવી હતી. ભારતીય ટીમ હવે પોતાની બીજી મેચ સ્લોવાકિયા રિપબ્લિક સામે રમશે જેણે પોતાની પહેલી મેચમાં ગુએટમાલાને 3-0થી હરાવ્યું છે. આ સિવાયના અન્ય પરિણામોને ધ્યાને લઈએ તો ગ્રુપ 3માં ડેન્માર્કે મેક્સિકોને 3-0, માડાગાસ્કરે મોંગોલિયાને 3-2થી હરાવ્યું હતું. આ તરફ મહિલા ટીમમાં યુગાન્ડા ટાઇ માટે રિપોર્ટ કરવામાં નિષ્ફળ ગયા બાદ ભારતીય મહિલા ટીમને 3-0 થી વોકઓવર મળ્યું હતું.

## WFI પર અવરોધનો આરોપ મૂક્યા બાદ વિનેશે રેન્કિંગ ઈવેન્ટમાં નોંધણી કરાવી

નવી દિલ્હી, તા. 28 : ભારતની સ્ટાર મહિલા રેસલર વિનેશ ફોગાટે મંગળવારે પુષ્ટિ કરી કે તેણે ગોંડામાં આગામી રેન્કિંગ ટુર્નામેન્ટ માટે સફળતાપૂર્વક નોંધણી કરાવી છે. આ પહેલા તેણે આરોપ લગાવ્યો હતો કે રેસલિંગ ફેડરેશન ઓફ ઈન્ડિયા (ડબલ્યુએફઆઈ) તેની ભાગીદારીમાં અવરોધો ઉભા કરી રહી છે. ડબલ્યુએફઆઈએ કહ્યું હતું કે માત્ર વિનેશ જ નહીં, પરંતુ અન્ય ઘણા રેસલરને શરૂઆતમાં રજીસ્ટ્રેશન પોર્ટલમાં ટેકનિકલ સમસ્યાઓના કારણે પ્રક્રિયા પૂર્ણ કરવામાં અસમર્થ હતા. પછીથી, જ્યારે લિંક ઉપલબ્ધ થઈ, ત્યારે વિનેશ પોતાને રજીસ્ટર કરાવવામાં સફળ રહી. આ સ્પષ્ટતા તેના મોડા રજીસ્ટ્રેશનને લઈને ઊભી થયેલી મૂંઝવણ વચ્ચે આવી છે. વિનેશે સોશિયલ મીડિયા પર લખ્યું કે આગામી રેન્કિંગ ટુર્નામેન્ટ માટે મારું રજીસ્ટ્રેશન આજે સવારે પૂર્ણ થયું. લિંક ડાઉન હોવાથી હું ગઈકાલે રજીસ્ટ્રેશન કરાવી શકી નહીં.

## સનરાઈઝર્સના પડકારનો સામનો કરી વિજય માર્ગે પાછા ફરવાનું મુંબઇનું ધ્યેય

**સાંજે** 7.30થી મેચનું જીવંત પ્રસારણ સ્ટાર સ્પોર્ટસ નેટવર્ક અને લાઇવ સ્ટ્રીમીંગ જીયો હોટસ્ટાર પર



મુંબઈ, તા. 28 (પીટીઆઈ) : આઈપીએલમાં આવતીકાલે બુધવારે પાંચ વખતની ચેમ્પિયન મુંબઈ ઈન્ડિયન્સે ઇન-ફોર્મ સનરાઈઝર્સ હૈદરાબાદ સામેની મહત્વપૂર્ણ મેચમાં પોતાનું નસીબ બદલવા માટે રમતના દરેક વિભાગમાં સારું પ્રદર્શન કરવું પડશે. મુંબઈ તેની શરૂઆતની સાત મેચમાંથી પાંચ મેચ ગુમાવ્યા બાદ ચાર પોઈન્ટ સાથે નવમા સ્થાને છે. સનરાઈઝર્સ હૈદરાબાદ હાલમાં પોઈન્ટ ટેબલમાં ત્રીજા સ્થાને છે.

ચેન્નાઈ સુપર કિંગ્સ સામેની તેમની 103 રનની કારમી હારથી તેમના નેટ રન રેટમાં પણ ઘટાડો થયો છે. મુંબઈ માટે ચિંતાનો વિષય કેપ્ટન હાર્દિક પંડ્યા અને સૂર્યકુમાર યાદવનું નબળું પ્રદર્શન છે. ગુજરાત ટાઇટન્સ સામે તિલક વર્માની પહેલી આઈપીએલ સદીએ મુંબઈને ચાર મેચની હારનો સિલસિલો તોડવામાં મદદ કરી, પરંતુ ચેન્નાઈ સામેની કારમી હારથી ફરી એકવાર તેમના ધ્રુજતા અભિયાનને વધુ જોખમમાં મુકી દીધું છે. મુંબઈ ઈન્ડિયન્સનો સ્ટાર ફાસ્ટ બોલર જસપ્રીત બુમરાહ પણ નિરાશાજનક રહ્યો છે, તેણે અત્યાર સુધી ફક્ત બે વિકેટ લીધી છે. મુંબઈના બોલરોની નિષ્ફળતાએ વિરોધી ટીમને પાવરપ્લેમાં નિયંત્રણ મેળવવામાં મદદ કરી છે, જેનાથી મુંબઈને નુકસાન થયું છે.

## ચીન સામે 0-5થી હારીને ભારત ઉબેર કપમાંથી બહાર

**સિંધુ** નિર્ણાયક સેટમાં 18-12થી આગળ હોવા છતાં વાંગ ઝીયી સામે 16-21, 21-19, 19-21થી હારી



હોર્સેન્સ (ડેનમાર્ક), તા. 28 (પીટીઆઈ) : ઉબેર કપ બેડમિન્ટન ટુર્નામેન્ટમાં બે વખતની ઓલિમ્પિક્સ મેડલિસ્ટ પીવી સિંધુ મજબૂત સ્થિતિનો લાભ લેવામાં નિષ્ફળ રહી જ્યારે અન્ય ખેલાડીઓ પણ નિર્ણાયક ક્ષણોમાં નિષ્ફળ જવાથી ભારત ચીન સામે 0-5થી હારી ગયું. ભારતીય મહિલા ટીમે યજમાન ડેનમાર્ક સામે 2-3થી હાર સાથે શરૂઆત કરી હતી પરંતુ પછી યુક્રેન સામે 4-1થી જીત મેળવીને ક્વાર્ટર ફાઈનલમાં પહોંચવાની આશા જીવંત રાખી હતી. ભારત ઉબેર કપમાં 16 વખતના ચેમ્પિયન ચીન સામેની તેની અગાઉની ત્રણેય મેચ હારી ગયું છે. સિંધુ નિર્ણાયક સેટમાં 18-12થી આગળ હતી પરંતુ અંતે તે વિશ્વની બીજી ક્રમાંકિત વાંગ ઝીયી સામે 16-21, 21-19, 19-21થી હારી ગઈ. પ્રિયા કોનજેંગબામ અને શ્રુતિ મિશ્રા પ્રથમ ડબલ્સ મેચમાં વિશ્વની નંબર વન જોડી લિયુ શેંગ શુ અને ટેન નિંગ સામે ટકી શક્યા નહીં અને 11-21, 8-21થી હારી ગયા. ઈશારાની બરુઆએ ટોક્યો ઓલિમ્પિક ચેમ્પિયન ચેન યુફેઈ સામે જોરદાર પડકાર ઉભો કર્યો, પરંતુ પ્રથમ ગેમમાં 20-19થી સરળ તક ગુમાવી દીધી. વિશ્વની ચોથી ક્રમાંકિત યુફેઈએ 44 મિનિટમાં 22-20, 21-13થી મેચ જીતીને ચીનને 3-0થી અજેય લીડ અપાવી. બીજા ડબલ્સમાં, ત્રિસા જોલી અને કવિપ્રિયા સેલ્વમની જોડી લુઓ ઝુ મીન અને ઝાંગ શુ જિયાન સામે 59 મિનિટ સુધી ચાલેલા મુકાબલામાં 10-21, 21-12, 19-21 થી હારી ગઈ. વિશ્વની ૪૩ નંબરની ખેલાડી દેવિકા સિહાગે પણ સારી શરૂઆત કરી હતી પરંતુ તે ગતિ જાળવી રાખવામાં નિષ્ફળ રહી અને ત્રીજા સિંગલ્સમાં વિશ્વની ૯૭ નંબરની ખેલાડી ઝુ વેન જિંગ સામે 21-19, 17-21, 10-21થી હારી ગઈ.

## મેડ્રિડ ઓપન : વાયરસના જોખમ વચ્ચે સબલેન્કા ક્વાર્ટર ફાઈનલમાં, ગફ-રિબાકીના આઉટ

**પેટના** વાયરસ કે ફૂટ પોઇઝનીંગના રૂપમાં ઊભા થયેલા નવા હરીફ સંબંધે ઘણાં ખેલાડીએ ચિંતા દર્શાવી

**સાદો** ખોરાક લઇ બિમારીથી બચી રહેલી સબાલેન્કાએ ઓસાકાને હરાવી, રિબાકીના પોટપોવા સામે હારી



મેડ્રિડ, તા. 28 (એપી) : મેડ્રિડ ઓપનમાં ખેલાડીઓ સામે હવે અજાણ્યો હરીફ ઊભો થયો છે. ઈગા સ્વિટેક, કોકો ગફ, મારિન સિલિક અને કેટલાક અન્યએ પેટનો વાયરસ કે પછી ફૂડ પોઈઝનીંગના જોખમ અંગે ચિંતા વ્યક્ત કરી છે. આ સ્થિતિમાં વિશ્વની નંબર વન ખેલાડી આર્યના સબાલેન્કાએ નાઓમી ઓસાકાની આક્રમક રમતના પડકારને પહોંચી વળીને ક્વાર્ટર ફાઇનલમાં પ્રવેશ મેળવ્યો છે. સબાલેન્કાએ કહ્યું કે તે સાદો આહાર લઈને બીમારીથી બચવાનો પ્રયાસ કરી રહી છે.

ખેલાડીઓમાં એવી અફવા હતી કે ખરાબ ઝીંગા ટાકો ચેપ માટે જવાબદાર છે. સબાલેન્કાએ કહ્યું કે અત્યાર સુધી, બધું બરાબર છે. મેં સાંભળ્યું છે કે મારે તે ટાકો ટાળવા પડશે. હું ટુર્નામેન્ટની શરૂઆતથી જે ખોરાક ખાતી આવી છું તે જ ખાઉં છું. રવિવારે સોરાના સિર્સ્ટીઆ સામેની જીત દરમિયાન કોર્ટ પર ઉલટી કરનારી ગફ સોમવારે લિન્ડા નોસ્કોવા સામે 6-4, 1-6, 7-6 (5)થી હારી હતી. છ વખતની ગ્રાન્ડ સ્લેમ ચેમ્પિયન સ્વિએટેકે શનિવારે પોતાની મેચમાંથી ખસી ગયા પછી કહ્યું હતું કે મેં સાંભળ્યું છે કે વાયરસ ફેલાઈ રહ્યો છે. મને ખૂબ જ ખરાબ લાગે છે.

સબાલેન્કાનો આગામી મુકાબલો અમેરિકન ખેલાડી હેલી બાપ્ટિસ્ટ સામે થશે, જેણે બેલિન્ડા બેનસિકને 6-1, 6-7 (14), 6-3 થી હરાવી હતી. વિશ્વની બીજી ક્રમાંકિત ખેલાડી એલેના રાયબાકીના પણ અનાસ્તાસિયા પોટાપોવા સામે સીધા સેટમાં હારી ગઈ હતી.

## ભારતે કોમનવેલ્થ યુથ-જુનિયર વેઈટલિફ્ટિંગમાં ચાર ગોલ્ડ જીત્યા

**સુનિલ** સિંહ, ઐસંગફા ગોગોઇ, અભિનવ અને ચારુ પેસીએ પોતપોતાની ઇવેન્ટમાં પ્રભાવક પ્રદર્શન કર્યું

નવી દિલ્હી, તા. 28 (પીટીઆઈ) : ભારતીય વેઈટલિફ્ટર્સે સમોઆના અપિયામાં કોમનવેલ્થ યુથ અને જુનિયર વેઈટલિફ્ટિંગ ચેમ્પિયનશિપ અને એસોસિયેટેડ યુનિવર્સલ કપ (સિનિયર) ના બીજા દિવસે શાનદાર પ્રદર્શન કરીને ચાર ગોલ્ડ મેડલ જીત્યા.

સુનિલ સિંહે ૬૫ કિગ્રા પુરુષોની શ્રેણીમાં કુલ ૨૭૧ કિગ્રા (સ્નેચમાં ૧૨૬ કિગ્રા અને ક્લીન એન્ડ જર્કમાં ૧૪૫ કિગ્રા) વજન ઉપાડીને ગોલ્ડ મેડલ જીત્યો, જ્યારે ઐસંગફા ગોગોઈએ ૫૮ કિગ્રા મહિલા શ્રેણીમાં અને અભિનવ ગોગોઈએ ૭૧ કિગ્રા પુરુષોની શ્રેણીમાં ગોલ્ડ મેડલ જીત્યો. ઐસંગફાએ કુલ ૧૮૫ કિગ્રા (સ્નેચમાં ૭૯ કિગ્રા અને ક્લીન એન્ડ જર્કમાં ૧૦૬ કિગ્રા) વજન ઉપાડીને ગોલ્ડ મેડલ જીત્યો, જ્યારે અભિનવે કુલ ૨૮૪ કિગ્રા (સ્નેચમાં ૧૨૯ કિગ્રા અને ક્લીન એન્ડ જર્કમાં ૧૫૫ કિગ્રા) વજન ઉપાડીને ગોલ્ડ મેડલ જીત્યો. યુનિવર્સલ કપમાં પુરુષોની 65 કિગ્રા શ્રેણીમાં અરુણાચલ પ્રદેશના ચારુ પેસીએ કુલ 289 કિગ્રા (સ્નેચમાં 127 કિગ્રા અને ક્લીન એન્ડ જર્કમાં 162 કિગ્રા) વજન ઉપાડીને ગોલ્ડ મેડલ જીત્યો. ભારતીય વેઈટલિફ્ટિંગ ફેડરેશન (IWF) ના પ્રમુખ સહદેવ યાદવે ટુર્નામેન્ટમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન બદલ રમતવીરો, કોચ અને સપોર્ટ સ્ટાફને અભિનંદન આપ્યા.

## ટીકાથી ઘેરાયેલા સિલ્વાનું શ્રીલંકા ક્રિકેટના વહીવટમાંથી રાજીનામું

કોલંબો, તા. 28 : શ્રીલંકા ક્રિકેટ (એસએલસી)ના પ્રમુખ શમ્મી સિલ્વા અને તેમની કાર્યકારી સમિતિના સભ્યોએ મંગળવારે અહીં એક ખાસ બેઠકમાં તેમના પદ પરથી રાજીનામું આપી દીધું હતું. આ પગલું એવા સમયે લેવામાં આવ્યું હતું જ્યારે દેશના રાષ્ટ્રપતિ અનુરા કુમારા દિસાનાયકે નવા વહીવટની રચનાની માગ કરી હતી. એક્ઝિક્યુટિવ કમિટીના એક સૂત્રએ જણાવ્યું હતું કે લગભગ ત્રણ કલાકની ચર્ચા-વિચારણા બાદ આ નિર્ણય લેવામાં આવ્યો હતો. જોકે, સમિતિના સભ્યો રમતગમત મંત્રી સુનીલ કુમાર ગામગેને રાજીનામું આપ્યા પછી આગળ શું પગલાં લેશે તે અંગે મૌન રહ્યા. રાષ્ટ્રપતિના રાજીનામાની માંગણી બાદ સિલ્વાએ આ મહત્વપૂર્ણ બેઠક બોલાવી હતી.

## કોહલીનો U19 વર્લ્ડ ચેમ્પિયન ટીમનો સાથી ખેલાડી હવે IPLમાં અમ્પાયર

**અંડર-19** વર્લ્ડકપ વિજેતા ટીમના અન્ય ખેલાડીઓને સારી તક મળી પણ અજીતેશ અર્ગલને મર્યાદિત તક મળી



નવી દિલ્હી, તા. 28 : આઈપીએલમાં સોમવારે અહીં રમાયેલી મેચમાં દિલ્હી કેપિટલ્સ પર આરસીબીની શાનદાર જીત પછી વિરાટ કોહલી મેદાન પર અમ્પાયર અજિતેશ અર્ગલ સાથે ઉષ્માભરી વાતચીત કરતા જોવા મળ્યો, જે સોશિયલ મીડિયા પર ઝડપથી વાયરલ થયું હતું.

કોહલી અને અર્ગલ એક સમયે ભારતની 2008ની અંડર-19 વર્લ્ડકપ વિજેતા ટીમમાં સાથી હતા તેના કારણે એ દૃશ્ય ચાહકોને ખૂબ જ સ્પર્શી ગયું. જ્યારે એ ટીમના ઘણા ખેલાડીઓએ લાંબી આંતરરાષ્ટ્રીય કારકિર્દી બનાવી, ત્યારે તે જીતમાં અર્ગલનું યોગદાન મહત્વપૂર્ણ રહ્યું. દક્ષિણ આફ્રિકા સામેની ફાઇનલમાં, અર્ગલે વરસાદથી પ્રભાવિત રમતમાં 5 ઓવરમાં 7 રન આપીને 2 વિકેટ ઝડપીને મેચ વિજેતા સ્પેલ ફેંક્યો હતો, જેના કારણે ભારતે સામાન્ય સ્કોરનો બચાવ કરીને ટ્રોફી જીતી લીધી. તેની કેરિયર તેના કેટલાક સાથી ખેલાડીઓ જેવી નહોતી રહી. તેને કિંગ્સ ઈલેવન પંજાબ દ્વારા 2008ની સીઝનમાં પસંદ કરાયો પણ તેને એક પણ મેચ રમવા મળી નહોતી. બરોડા સાથેની તેની ઘરેલુ કારકિર્દીમાં તમામ ફોર્મેટમાં મર્યાદિત તકો મળી હતી. આખરે, અર્ગલે સ્પર્ધાત્મક ક્રિકેટથી દૂર થઈને રમતગમત ક્વોટા દ્વારા આવકવેરા વિભાગમાં જોડાયો હતો.

## મહિલા ટી-20 વર્લ્ડકપ માટે ઈંગ્લેન્ડની ટીમ જાહેર, નેટ સ્કીવર બ્રન્ટ કેપ્ટન

**ઈંગ્લેન્ડની** ટીમમાં સરેની 18 વર્ષિય સ્પિનર ટિલી કોર્ટિન-કોલમેનનો પણ સમાવેશ

**ટી-20** વર્લ્ડકપ માટે જાહેર થયેલી ટીમ જ ભારતના ઈંગ્લેન્ડ પ્રવાસની સીરિઝમાં રમશે

લંડન, તા. 28 (પીટીઆઈ) : ઈંગ્લેન્ડ અને વેલ્સ ક્રિકેટ બોર્ડ (ઈસીબી)એ આજે મંગળવારે મહિલા ટી-20 વર્લ્ડકપ 2026 માટે ઓલરાઉન્ડર નેટ સ્કિવર બ્રન્ટની કેપ્ટનશિપ હેઠળ ઈંગ્લેન્ડની 15 સભ્યોની ટીમની જાહેરાત કરી. ઈંગ્લેન્ડની આ જ ટીમ મે-જૂનમાં ભારત અને ન્યુઝીલેન્ડ સામેની સીરિઝમાં પણ રમશે. ઈંગ્લેન્ડની ટીમમાં 18 વર્ષીય સરે સ્પિનર ટિલી કોર્ટિન-કોલમેનનો સમાવેશ થાય છે, જે ઇન્ટરનેશનલ ડેબ્યુ કરશે.

**ટી-20 વર્લ્ડકપ માટેની ઈંગ્લેન્ડની મહિલા ટીમ**

નેટ સ્કિવર બ્રન્ટ, લોરેન બેલ, એલિસ કેપ્સી, ટિલી કોર્ટિન કોલમેન, ચાર્લી ડીન, સોફિયા ડંકલી, સોફી એક્લેસ્ટોન, લોરેન ફાઈલર, ડેની ગિબ્સન, એમી જોન્સ, ફ્રેયા કેમ્પ, હીથર નાઈટ, લિન્સે સ્મિથ, ઈસી વોંગ અને ડેની વ્યાટ-હોજ.


